# સ્ટેટ ટીચર્સ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ

## (જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર)

"વિદ્યાભવન", ઉમિયા માતાજી મંદિર પાસે, ઉદ્યોગ ભવન સામે, સેક્ટર-૧૨,
ગાંધીનગર-૩૮૨૦૧૬ (ગુજરાત)

ફોન નં.- ૦૭૯-૨૩૨૪૬૫૧૧, *E-mail:*- stti.gujarat@gmail.com


પત્રાંક :- STTI/અભ્યાસ/2020/2025 તારીખ :- 05/08/2020

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ જિલ્લા(ગુ.રા.)

**વિષય :–** રાજયના માધ્યમિક વિભાગના ગુજરાતી, ગણિત, સામાજીક વિજ્ઞાન તેમજ વિજ્ઞાન વિષયની બાયસેગના માધ્યમ દ્વારા ઓનલાઈન તાલીમ યોજવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા રાજયના માધ્યમિક વિભાગના સરકારી તેમજ અનુદાનિત તેમજ બિન અનુદાનિત (સેલ્ફ ફાયનાન્સ) શાળાઓના ઉપરોક્ત વિષયના વિષય શિક્ષકોની બાયસેગ (વંદે ગુજરાત ચેનલ નંબર – ૧) ના માધ્યમથી ઓનલાઈન તાલીમનું આયોજન પત્રકમાં દર્શાવેલ તારીખ તેમજ સમય મુજબ કરવામાં આવનાર છે.

| ક્રમ | વિષય | તાલીમની તારીખ | તાલીમનો સમય | પ્રશ્નો અને મૂંઝવણ મોકલવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાતી | ૦૭/૦૮/૨૦૨૦ | સવારે ૦૯:૩૦ થી ૧૨:૦૦ | ૦૬/૦૮/૨૦૨૦ |
| ૨ | ગણિત | ૧૪/૦૮/૨૦૨૦ | સવારે ૦૯:૩૦ થી ૧૨:૦૦ | ૧૩/૦૮/૨૦૨૦ |
| ૩ | સામાજીક વિજ્ઞાન | ૧૮/૦૮/૨૦૨૦ | સવારે ૦૯:૩૦ થી ૧૨:૦૦ | ૧૭/૦૮/૨૦૨૦ |
| ૪ | વિજ્ઞાન | ૨૧/૦૮/૨૦૨૦ | સવારે ૦૯:૩૦ થી ૧૨:૦૦ | ૨૦/૦૮/૨૦૨૦ |

અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત વિષયોને સંલગ્ન સાહિત્ય આપશ્રીની કચેરી ને ઈ.મેઈલ દ્વારા અગાઉથી મોકલી આપવામાં આવશે. સદર સાહિત્ય ડાઉનલોડ કરવા https://is.gd/STTIcontent પર કિલક કરવુ અથવા નીચેનો QR CODE સ્કેન કરવાનો રહેશે, જે સાહિત્ય સબંધિત વિષયના શિક્ષક સુધી SVS ના માધ્યમ દ્વારા સોફટ કોપી પહોંચાડવાની રહેશે. સદર સાહિત્યનો સબંધિત વિષય શિક્ષકો દ્વારા અભ્યાસ કર્યા બાદ ઉદભવતા પ્રશ્નો તેમજ મૂંઝવણ એસ.ટી.ટી.આઈ. સંસ્થાના E-Mail ID : stti.gujarat@gmail.com તેમજ જીસીઈઆરટીના E-Mail ID gcert12@gmail.com પર સબંધિત વિષયની તાલીમના એક દિવસ પૂર્વે સાંજે ૫:૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે. સદર તાલીમનું પ્રસારણ Jio TV Mobile એપ મારફતે મોબાઈલ પર પણ જોઈ શકાશે.

સ્ટેટ ટીચર્સ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ,
ગાંધીનગર

Scanned by CamScanner

જાણ તેમજ જરૂરી
કાર્યવાહી કરવા સારૂ.

જાવક નં. [illegible] ૯૯૨૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બહુમાળી ભવન સામે, કારેલીબાગ
વડોદરા. તા. ૦૫/૦૬/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક વિભાગ,
સરકારી તેમજ અનુદાનિત તેમજ
બિન અનુદાનિત શાળાઓ
જિ. વડોદરા.

[signature]
વ. જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.

Scanned by CamScanner